## ધનસુરા વિસ્તારમાં મંદિરોની સુરક્ષા માટે સી.સી. કેમેરા લગાવાશે

ધનસુરા, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં તસ્કરોએ મંદિરોને લક્ષ્ય બનાવતાં અનેક મંદિરોમાં ચોરીઓનું પ્રમાણ વધતાં જિલ્લાં પોલીસ અધિકારીના આદેશથી ધનસુરા પી.એસ.આઈ. રાઠોડે તાલુકાના તમામ મંદિરોની ચકાસણી કરીને સી.સી. ટી.વી. કેમેરા મુકવા માટે મંદિરોના સંચાલકોને જરૂરી સુચના સમજ આપેલ છે.

## ધનસુરા હોસ્પિટલમાં હાર્ટ નિષ્ણાંત મુકો

ધનસુરા, તા. ૨૨

ધનસુરામાં આવેલ રેફરલ હોસ્પિટલમાં સ્ત્રી રોગ નિષ્ણાત, આંખ, ઓર્થોપેડીક, ડૉકટરોની વ્યવસ્થા હોવાથી દર્દીઓને રાહત મળે છે. પરંતુ હોસ્પિટલમાં હાર્ટના દર્દી માટે એમ.ડી. ડૉકટરની વ્યવસ્થાની જરૂર છે. ધનસુરામાં ખાનગી દવાખાનામાં એકપણ હાર્ટનો નિષ્ણાત એમ.ડી. ડૉકટર નથી. જેથી આ વ્યવસ્થા કરવી જરૂરી બની છે.

## ધનસુરામાં પેચીદો બનતો ટ્રાફિક પ્રશ્ન

ગાંધીનગર, તા. ૨૨

ધનસુરા તાલુકા મથક બન્યા પછી ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ધનસુરા ચાર રસ્તા ટ્રાફિકથી ધમધમે છે. વાહનોની અવરજવર ખૂબ વધી ગયેલ છે. વાહનોની ગતિ મર્યાદા નિયંત્રણ કરવા કોઈ વ્યવસ્થા નથી. ટ્રાફિક પોલીસ પણ નિષ્ક્રિય છે. રોડ પર વાહનો ગમે તેમ ઉભા રહે છે. ખાનગી વાહનો ખીચોખચ બેરોકટોક મુસાફરો ભરવામાં આવે છે. તો ટ્રાફિક પોલીસે અસરકારક વ્યવસ્થા ગોઠવવાની જરૂરિયાત છે. ગ્રામ પંચાયતના સત્તાવાળાઓ આ અંગે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરનાર છે.

## સાબરકાંઠામાં મોડાસા ઈડર ધનસુરામાં રથયાત્રા ઉત્સાહથી ઉજવાઈ

ઈડર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા, ધનસુરામાં રથયાત્રાની પૂર્ણ તૈયારી થઈ હતી. રથયાત્રાના બંદોબસ્ત માટે જિલ્લા પોલીસ તંત્ર સાબદું હતું. સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા પૂર્ણ થતાં સમગ્ર વહીવટી તંત્ર પોલીસ તંત્ર હાશકારો અનુભવ્યો હતો.

ધનસુરામાં સવારે રામજી મંદિરથી રથયાત્રાને પ્રસ્થાન થયું હતું. બેન્ડ બાજા અને ભજન- કીર્તન સાથે પોલીસ બંદોબસ્ત સાથે રથયાત્રા શહેરના માર્ગો પર ફરી હતી. માધુભાઈ સોનીના પરિવારે મોસાળું કરીને ભવ્ય સ્વાગત કર્યું હતું. તમામ રથયાત્રાઓ માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. મગ, જાંબુનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવતા હતા. રથયાત્રા સમિતિએ સમગ્ર આયોજન સુંદર કરેલ હતું.

## પ્રાંતિજ તાલુકા સરપંચ એસોસીએશનના પ્રમુખ પદે પંકજભાઈ પરમાર

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ તાલુકા સરપંચ એસોસીએશનની મીટીંગ રમેશચંદ્ર એમ. પટેલ સરપંચ ઘડકણના પ્રમુખ પદે મળી હતી. જેમાં તાલુકા સરપંચ એસોસીએશનના કારોબારી મીટીંગ મળી હતી. આ મીટીંગમાં પંકજકુમાર પશાભાઈ પ્રમુખ (સોનાસણ), શિવસિંહ માલસિંહ ચૌહાણ ઉપપ્રમુખ પદે (કેશરપુરા), વનરાજસિંહ ધુળસિંહ ઝાલા મંત્રી (સદાનારુવાડા), દિલીપસિંહ ભૂપતસિંહ પરમાર સહમંત્રી(ગેડ), વસંતભાઈ જેઠાભાઈ પટેલે ખજાનચી( ઝીંઝદા), આશાબેન દિનેશસિંહ પરમાર (મૌછા), લક્ષ્મીબેન બબાસિંહ ઠાકોર(ગલેસરા), મીતુબેન પુજામિયાં સિંઘી (હડમતીયા) સંગઠન મંત્રી તરીકે નિમાયા છે.



જગતના નાથ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ઉત્સવ સમગ્ર ગુજરાતમાં ઉજવાય છે ત્યારે પાટણ શહેરમાં પણ આ વર્ષે સંતો મહંતો અને શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં ભગવાન જગન્નાથજી, બલરામજી અને બહેન સુભદ્રાજીની રથયાત્રો ઉત્સાહભેર નગરના માર્ગો પર નિકળી હતી. નગરચર્યાએ નિકળેલી ભગવાનની રથયાત્રામાં વિવિધ અખાડા, વેશભૂષા ધારી ભુલકાઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. (તસવીર : જેણુભા ભાઘેલા)

# પાલનપુરમાં મોંઘવારી અને ભ્રષ્ટાચાર વિરૂધ્ધ યોજાયું ભાજપનું 'જેલ ભરો આંદોલન'

### મોંઘવારીના પુતળાદહનનો કાર્યક્રમ રહયો નિષ્ફળ:પચાસથી વધુ કાર્યકરોને જેલને બદલે બગીચામાં લઈ જઈ પોલીસે કરી સરભરા:પોલીસની મુકપ્રેક્ષકની ભુમિકા વચ્ચે ટ્રાફિક થયો જામ





પાલનપુર, તા. ૨૨

કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુ.પી.એ.સરકારના રાજમાં વધતી જતી મોંઘવારી અને ભ્રષ્ટાચાર સામે આજે બનાસકાંઠા ભાજપ દ્વારા જેલ ભરો આંદોલન યોજવામાં આવ્યું હતું. જોકે, મોંઘવારીના પુતળા દહનનો કાર્યક્રમ નિષ્ફળ બનાવીને પોલીસે પચાસેક કાર્યકરોની અટકાયત કરી હતી. વધતી જતી મોંઘવારી અને ભ્રષ્ટાચાર સામે આમ આદમીની વ્યથાને વાચા આપવા માટે આજે બનાસકાંઠા ભાજપે જેલ ભરો કાર્યક્રમ યોજયો હતો. કેન્દ્રની યુ.પી.એ સરકાર વિરોધી નારા સાથે શહેરના ગુરૂનાનક ચોક પર ભાજપી કાર્યકરોએ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. બાદમાં મોંઘવારીના પુતળા દહન કરવા જતા ભાજપી કાર્યકરો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી. જોકે, પોલીસે પુતળાદહનના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. બાદમાં પોલીસે ભાજપી કાર્યકરોની અટકાયત કરી હતી. જોક, પ્રજાની સમસ્યાને વાચા આપવાના નામે પોલીસ પહેરા તળે યોજાયેલા કાર્યક્રમને પગલે પોલીસની મુક પ્રેક્ષકની ભુમિકા વચ્ચે શહેરમાં ટ્રાફિક જામ થઈ જતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો હતો.

વળી, જેલ ભરો આંદોલનમાં પોલીસે ભાજપી કાર્યકરોને જેલને બદલે પોલીસ પરેડ ગ્રાઉન્ડના બગીચાની હવા ખવડાવી હતી અને ખુદ પોલીસકર્મીઓએ ભાજપી કાર્યકરોની સરભરા કરી હોવાની બાબત ચર્ચાસ્પદ બની હતી. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ પ્રમુખ ડો.મોગરા, ધારાસભ્ય ગોવિંદ પ્રજાપતિ, ઉપાધ્યક્ષ ગજેન્દ્ર સકસેના, હરેશભાઈ જાની, પાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરી, પાલિકા ઉપપ્રમુખ હસમુખ પઢિયાર, રાણાભાઈ દેસાઈ, કાંતિલાલ કચોરીયા, અનિકેત ઠાકર, કરશનજી વાઘેલા, યુવા ભાજપ પ્રમુખ હરેશ ચૌધરી, મહામંત્રી જશવંતસિંહ વાઘેલા, જીલ્લા યુવા મહામંત્રી દશરથસિંહ સોલંકી, પ્રતાપભાઈ જાની સહિતના કાર્યકરો હાજર રહયા હતા. (તસવીર - અહેવાલ : સંજય જોશી, પાલનપુર)

## ડીસામાં ભાજપનું મોંઘવારી વિરુધ્ધ જેલ ભરો આંદોલન

ડીસા, તા. ૨૨

ડીસા શહેરના ફુવારા સર્કલ ખાતે શુક્રવારે મોંઘવારીના વિરોધમાં ભાજપ દ્વારા જેલભરો આંદોલન કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના કાર્યકરોએ યુ.પી.એ. સરકાર તેમજ સોનીયા ગાંધી હાય હાય તેમજ કોંગ્રેસ મોંઘવારી હટાવે અથવા સત્તા છોડે તેવા સૂત્રોચ્ચાર પોકારી વિરોધ દર્શાવતા ડીસાના નાયબ પોલીસ અધિક્ષક આર.આઈ. પટેલ તેમજ શહેર પી.આઈ.બી.એલ. પાટીલા દ્વારા જિલ્લા યુવા ભાજપ પ્રમુખ અમરત દવે, જિલ્લા પંચાયત સદસ્ય કાનાભાઈ દેસાઈ, નગરપાલિકા વિપક્ષી નેતા નિલેશ ઠકકર, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, પૂર્વ મહામંત્રી દિનેશભાઈ અનાવાડીયા, શહેર મહામંત્રી રમેશ દેલવાડીયા, માલધારી સેલના રામભાઈ દેસાઈ સહિત ૪૦થી વધુ કાર્યકરોની અટકાયત કરી પોલીસ મથકે લાવવામાં આવ્યા હતાં.

આ અંગે કાર્યકરોએ જણાવ્યું હતું કે કેન્દ્રની યુ.પી.એ. સરકાર વહીવટ કરવામાં તદ્દન નિષ્ફળ નિવડી છે. સરકાર વારંવાર મોંઘવારીમાં વધારો કરીને આમ જનતાની કમર તોડી નાંખે છે ત્યારે પ્રજાએ પણ આગામી સમયમાં કોંગ્રેસની સરકારને જાકારો આપવાનો સમય પાકી ગયો છે.

## ગઢડા શામળાજીમાં પ્રથમવાર રથયાત્રાનું ભવ્ય આયોજન

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના પૌરાણિક ધામ શામળાજી ભગવાનના સાંનિધ્ય ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો મહંતો, સામાજીક સંસ્થાઓ, વિવિધ ભજન મંડળીઓ, અખાડા સહિત નાગરિકો અને ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને જગન્નાથજીની નગરચર્યામાં જોડાયા હતા. ખેડબ્રહ્મા શહેરમાં સૌ પ્રથમ વાર નિકળેલી રથયાત્રા હજારોની જનમેદની વચ્ચે ગામના માર્ગો પર ભારે ધામધૂમપૂર્વક ફરી હતી. આ રથયાત્રામાં ટ્રસ્ટના પ્રમુખ રમણભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, માણેકલાલ પટેલ, જયદેવભાઈ બારોટ અને ગંગારામ ત્રિવેદી સહિત અનેક ભાવિકો અને અગ્રણીઓ હર્ષોલ્લાસપૂર્વક જોડાયા હતાં.

## માણસામાં ભવ્ય રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

માણસા, તા. ૨૨

માણસા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે ધામધૂમપૂર્વક જગતનાથ ભગવાન જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં નિકળી હતી.

આ રથયાત્રા કોઠારી ચકલાના જગન્નાથ મંદિરથી સવારે નવ કલાકે પ્રસ્થાન કરી, બજાર, મસ્જીદ ચોક, પોલીસ લાઈન થઈ બપોરે રાધાકૃષ્ણ મંદિરની વાડીએ વિશ્રામ માટે રોકાઈ હતી જ્યાં ભક્તોએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. બાદમાં રથયાત્રા પાંજરાપોળ, સિવિલ રોડ થઈ સાંજે ૬ કલાકે નિજ મંદિરે પરત ફરી હતી. રથયાત્રામાં વિવિધ અખાડાઓ, વેષભૂષાધારી ભૂલકાઓએ આકર્ષણ જમાવ્યું હતું. અને ધાર્મિક સંસ્થાઓના સંતો મહંતો સહિત હજારો ભક્તો રથયાત્રામાં જોડાયા હતા. કોમી એખલાસ, ભાઈચારા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

# ભાજપ દ્વારા સાબરકાંઠામાં મોંઘવારી વિરૂદ્ધ જેલભરો આંદોલન



હિંમતનગર, તા. ૨૨

હાલમાં કેન્દ્રની કોંગ્રેસ સરકારના સમયગાળા દરમ્યાન મોંઘવારીએ માઝા મુકી છે ત્યારે સામાન્ય માણસને જીવવું મુશ્કેલ બનેલ છે. દેશમાં જ્યારે જ્યારે કોંગ્રેસ આવી છે ત્યારે મોંઘવારીએ માઝા મુકી છે.

સામાન્ય પ્રજાજન પરેશાન થયો છે. કોંગ્રેસ અને ભાવવધારો- મોંઘવારી-ભ્રષ્ટાચાર એકબીજાના પર્યાય બની ગયા છે. અટલજીના નેતૃત્વમાં બનેલી ભારતીય જનતા પાર્ટીની સરકાર વખતે જે કંઈ બજાર ભાવો હતો તેના કરતાં કેન્દ્રની કોંગ્રેસના સમયગાળા દરમ્યાન મોંઘવારીમાં ૨૦૦ ટકાનો વધારો થયો છે. તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાને છે. સામાન્ય પ્રજાના પ્રાણપ્રશ્નરૂપી મોંઘવારીને અંકુશ કરવા ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્રની કોંગ્રેસ સરકાર સામે મોંઘવારી ઘટાડો નહી તો શાસન છોડોની માંગ સાથે સમગ્ર જિલ્લામાં જેલભરોનો કાર્યક્મ સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમ હિંમતનગર ટાવરચોક ખાતે સવારે ૧૧ કલાકે ભારે સૂત્રોચ્ચાર વચ્ચે શરૂ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ ઉપાધ્યક્ષ કુ. કૌસલ્યાકુંવરબાએ કાર્યકરોનું માર્ગદર્શન કર્યુ હતું. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા સંસદસભ્ય ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ તથા જિલ્લા અધ્યક્ષ જે.ડી. પટેલે કાર્યકરોનું માર્ગદર્શન કરતાં આ મોંઘવારી કોઈપણ હિસાબે ચલાવી ન લેવા કાર્યકરોને કેન્દ્રમાં સરકાર પરિવર્તન થાય તે માટે તમામ પગલાં લેવા આહ્‌વાન કર્યુ હતું. આ કાર્યક્રમમાં હિંમતનગર શહેર નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન ગાંધી, નગરપાલિકાના સદસ્યો, નગરપાલિકાના ઉપપ્રમુખ શંકરભાઈ કહાર, તાલુકા પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલ, તાલુકા મહામંત્રી હસમુખભાઈ પટેલ, જે.પી. ઝાલા, શહેર પ્રમુખ જયપ્રકાશભાઈ શાહ, શહેર મહામંત્રીશ્રી બિપીનભાઈ ઓઝા, જિલ્લા અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખશ્રી ભગાભાઈ પરમાર, સામાજીક કાર્યકર કાન્તાબેન પંડ્યા, જિલ્લા કાર્યાલયમંત્રી રાકેશ પટેલ, શહેર મહિલા મોરચા પ્રમુખ શ્રીમતિ વિમલાબેન પ્રસાદ, દિલીપસિંહ રાઠોડ, તાલુકા પંચાયત કા. અધ્યક્ષશ્રી વિક્રમસિંહ પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ ચેતનાબેન પટેલ, સાવનભાઈ દેસાઈ, શહેર મહિલા મોરચા મહામંત્રી વર્ષાબેન મિસ્ત્રી, ઉપપ્રમુખ જ્યોતીબેન ભટ્ટ આ ઉપરાંત ૧૦૦ થી વધુ સંખ્યામાં ભાઈઓ તથા બહેનો આ આંદોલનમાં જોડાઈ ધરપકડ વ્હોરી હતી.

## ૨૦ કોલેજોને નો એડમીશન ઝોનમાં મૂકવા મજૂંરી

*અમદાવાદ, તા. ૨૨*

એડમિશન કમિટન ફોર પ્રોફેશનલ કોર્સીસ સમિતિ દ્વારા કરાયેલી ભલામણના પગલે રાજયસરકારે રાજયની ૨૦ ફાર્મસી કોલેજોને નો એડમીશન ઝોનમાં મૂકવા મજૂંરી આપી દેતા શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રવેશ સમિતિના સૂત્રોના જણાવ્યા અનુસાર સમિતિની તપાસમાં ૨૦ ફાર્મસી કોલેજોમાં ગેરરિતી બહાર આવી હતી. જે અંગે સમિતીની વારંવાર જાણ છતાં કોઈ પરિણામ ન આવતા સમિતિએ નો એડમીશન ઝોનમાં મૂકવા રાજ્ય સરકારને જાણ કરી હતી જે અંગે સરકારે મજૂંરી આપતા તમામ ૨૦ કોલેજોને નો એડમીશન ઝોનમાં મૂકી દેવામાં આવી છે. સમિતિએ ફાર્મશી કાઉન્સીલ ઓફ ઈન્ડીયાને પણ જાણ કરાઈ છે.

**સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર**

**જાહેર નિવિદા નં. ૬ / ૨૦૧૧-૧૨**

કાર્યપાલક ઈજનેરશ્રી સા.કાં. પંચાયત મા.મ. વિભાગ હિંમતનગરના ફો. નં. ૦૨૭૭૨ ૨૪૧૮૭૩ દ્વારા કામો જેની અંદાજીત કિંમત રૂ. ૧.૫૦ લાખથી ૫.૦૦ લાખ સુધીના છે જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ મજુર કામદાર સહકારી મંડળી / માન્ય ઈજારદારો પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ | વિગત | ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ | ટેન્ડર પરત લેવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| અ | જે તે તાલુકાની મંડળીઓ માટે | ૩૦/૬/૨૦૧૨ | ૭/૭/૨૦૧૨ |
| બ | માન્ય ઈજારદારશ્રીઓ માટે | ૧/૭/૨૦૧૨ | ૮/૭/૨૦૧૨ |
| ક | મંડળીની ઓફર ન આવે તો માન્ય ઈજારદારશ્રીઓ માટે | ૧/૭/૨૦૧૨ | ૮/૭/૨૦૧૨ |

આ કામોની વિગતવાર જાહેર નિવિદા કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો માટે કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

**કાર્યપાલક ઈજનેર**
**સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ**
**હિંમતનગર**

**ક્રમાંક ના.માનિ/હિંમત/૧૯૯/૨૦૧૨**

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

Change of Name
Old Name : Bibha Sinha
New Name : Wibha Sinha
Read my name as Wibha Sinha instead of Bhibha Sinha
Address
W/o Shailendrakumar Singh
Q. No. 621/1, Sector-13/A, Gandhinagar Ahmedabad Gujarat-382016
M. 9173126533

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન